# Std 11 Gujarati Textbook Solutions Chapter 4 મારા રાહબર : અહેમદ જલાલુદીન

## સ્વાધ્યાય

### 1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. અબ્દુલ કલામ એમના પહેલા રાહબર કોણ ગણે છે?**

ઉત્તરઃ

અબ્દુલ કલામ એમના પહેલા રાહબર તેમના પિતરાઈ અહેમદ જલાલુદ્દીનને ગણે છે.

**પ્રશ્ન 2. જલાલુદીનની દોસ્તી સગપણમાં ક્યારે બદલાઈ ગઈ?**

ઉત્તર :

જલાલુદ્દીનની સાથે કલામની મોટી બહેન ઝોહરાના નિકાહ થયા ત્યારે જલાલુદ્દીનની દોસ્તી સગપણમાં બદલાઈ ગઈ.

**પ્રશ્ન 3. લોકોમાં જલાલુદીનનું માન શા કારણે હતું?**

ઉત્તરઃ

જલાલુદ્દીન સારી રીતે અંગ્રેજી લખી – વાંચી શક્તો તે ૩ કારણે લોકોમાં તેનું માન હતું.

**પ્રશ્ન 4. કલામને માતાપિતા પાસેથી શા પાઠ મળ્યા?**

ઉત્તર :

પ્રામાણિકતા, શિસ્ત, વિશ્વસનીયતા અને ધ્યાનના પાઠ કલામને માતાપિતા પાસેથી મળ્યા.

**પ્રશ્ન 5. કલામને રામેશ્વરમ્ છોડીને ભણવાની પ્રેરણા કોણે આપી?**

ઉત્તરઃ

કલામને રામેશ્વરમ્ છોડીને ભણવાની પ્રેરણા જલાલુદ્દીને આપી.

**પ્રશ્ન 6. કલામને તેના પિતા ક્યારે અચાનક ઘણા વૃદ્ધ લાગ્યા?**

ઉત્તરઃ

જમાઈ જલાલુદ્દીનના અચાનક અવસાનથી કલામની બહેન ઝોહરા હૈયાફાટ રુદન કરી રહી હતી ત્યારે ક્લામને તેમના પિતા ઘણા ૩ વૃદ્ધ લાગ્યા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. જલાલુદીન કરતાં કલામના પિતાની આસ્તિકતા કઈ રીતે જુદી હતી?**

ઉત્તર:

કલામના પિતા ઇસ્લામના રીતિરિવાજોનું પાલન કરવામાં માનતા. પાંચ વખતની નમાજ રિવાજ ખાતર કરવાના બદલે સાચા દિલથી અદા કરતા. તેમનો ખુદા તેમના માટે સર્વોપરી હતો અને તેની બંદગી તેઓ ગંભીરતાપૂર્વક કરતા. તેમની બંદગી તેમના દૈનિક ક્રમમાં સહજતાથી સામેલ થઈ ગઈ હતી.

જલાલુદ્દીનની આસ્તિકતા જરા જુદી હતી. તેના માટે ખુદા એક દોસ્ત જેવો હતો. એક એવો ભરોસાપાત્ર દોસ્ત, જેની સાથે નિખાલસતાથી વાતો કરી શકાય. તેના માટે જાણે તેનો ખુદા હાજરાહજૂર હતો. પોતે કોઈ તકલીફ ખુદાને જણાવે, તો ખુદા તેને હલ કરશે જ, તેવો તેને અડગ ભરોસો રહેતો.

**પ્રશ્ન 2. કઈ બાબતોએ કલામની ખુદા અંગેની માન્યતાઓ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો?**

ઉત્તર:

એક જ સમયે દરરોજ આસ્થાનાં અલગ અલગ રૂપો કલામને જોવા મળ્યાં. મુસલમાનો નમાજ પઢતા હોય, ત્યારે હિંદુ – ભક્તો ઈશ્વરની આરતી કે સંધ્યાપૂજા કરતા હોય અને દેવળમાં તેમની પ્રાર્થનાનો ઘંટારવ થતો હોય.

જો ભાવ બધાનો સરખો હોય, તો આ પ્રાર્થના સાંભળનારો ઉપરવાળો અંતે તો એક જ હશે. કલામની ખુદા અંગેની આ માન્યતા ઘડવામાં ઉપરોક્ત બાબતોએ મહત્ત્વનો ફાળો આપ્યો.

**પ્રશ્ન 3. પરદેશ જતાં કલામની ફડક શી રીતે દૂર થઈ?**

ઉત્તર :

કલામ જીવનમાં પહેલી વાર પરદેશ જતા હતા, તેથી તેમના મનમાં એક ફડક હતી. ઍરપૉર્ટના ગેટ પર તેમના બંને મિત્રો – જલાલુદ્દીન અને શમસુદીન – મળ્યા અને સ્વસ્થતા જાળવી રાખી. આથી તેમને જોતાંવેંત કલામની ફડક દૂર થઈ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 4. કલામને પોતાની અંદર રહેલા બાળકને મૃત્યુ પામતો ક્યારે જોયો? કેવી રીતે?**

ઉત્તરઃ

કલામ જ્યારે ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન (ISRO) ખાતે SLv3 રૉકેટ પ્રોજેક્ટ પર કામ કરતા હતા ત્યારે અચાનક જલાલુદ્દીનના અવસાનના સમાચાર મળ્યા. જલાલુદ્દીનના અચાનક ચાલ્યા જવાથી કલામને પોતાની અંદર રહેતા બાળકને મૃત્યુ પામતો જોયો. તેમને એકલવાયાપણું લાગતું હતું.

**પ્રશ્ન 5. દફનવિધિ પછી કલામના પિતાએ તેમને શું કહ્યું?**

ઉત્તરઃ

દફનવિધિ પછી આઘાતથી સ્તબ્ધ થઈ ગયેલા કલામને તેમના પિતાએ કલામનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, "અબ્દુલ, સૂર્યના આધારે પડછાયો શરૂમાં ખૂબ લાંબો થાય છે અને પછી ટૂંકો થઈ જાય છે. રાત પડે, ત્યારે આ પડછાયો દેખાતો બંધ થઈ જાય છે.

ખુદાની ઇચ્છા વગર કંઈ થતું નથી. આપણે તેનામાં ભરોસો રાખીને ‘ તેની આ ઇચ્છા પણ કબૂલ કરવી જ રહી."

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. જલાલુદીનના અબ્દુલ કલામ પ્રત્યેના નિર્ભેળ પ્રેમ વિશે સાત વાક્યો લખો.**

ઉત્તરઃ

અબ્દુલ કલામ આઠેક વર્ષના હતા ત્યારે એમના પિતાએ હોડીના બાંધકામનો ધંધો શરૂ કર્યો. અબ્દુલ કલામને તેમાં રસ પડવા લાગ્યો. જલાલુદ્દીન અબ્દુલ કલામના પિતાને હોડી બાંધવામાં મદદ કરતો.

ઝીણવટપૂર્વક બાંધકામનું અવલોકન કરતા અબ્દુલ કલામ જલાલુદ્દીનની નજરમાં આવી ગયા. તેણે દરરોજ અબ્દુલ કલામ સાથે થોડો વખત વાતો કરવાનું રાખ્યું. બંને વચ્ચે ઉંમરમાં પંદરેક વર્ષનો તફાવત હોવા છતાં દોસ્તી કાયમ રહી.

બાળસહજ જિજ્ઞાસાથી અબ્દુલ કલામ તેને હજારો સવાલો પૂછતા અને જલાલુદીન તેને આવડતા હોય, તે જવાબ આપતો. તેણે અબ્દુલ કલામને એ વાતનો અહેસાસ કરાવ્યો કે દરેક વ્યક્તિમાં કંઈક તો ખાસ વાત છુપાયેલી હોય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જલાલુદ્દીનને જ વિચાર આવ્યો હતો કે અબ્દુલ કલામે આગળ ભણવા માટે રામનાથપુરમૂની મોટી સ્કૂલમાં જવું જોઈએ. ત્યાં પહોંચાડવાની અને ત્યાં રહેવા – જમવાની ગોઠવણીની જવાબદારી જલાલુદ્દીને પોતાને માથે લીધી.

તેણે અબ્દુલ કલામને હિંમત આપી અને પ્રેમપૂર્વક સમજાવ્યું કે જિંદગીમાં આગળ વધવા માટે કંઈક તો છોડવું પડે. લાગણીઓ ઉપર કાબૂ રાખવો જોઈએ. જિંદગીની રાહ પર ક્યારેક અબ્દુલ કલામે ઠોકર ખાધી હશે ત્યારે જલાલુદ્દીન તેમની સાથે રહ્યો અને તેમને સતત પ્રોત્સાહન પૂરું પાડતો રહ્યો.

અબ્દુલ કલામ નાસાની તાલીમ – કાર્યક્રમમાં ભાગ લેવા માટે યુ.એસ. જઈ રહ્યા હતા ત્યારે જલાલુદ્દીન તેમને મુંબઈ ઍરપોર્ટ પર મૂકવા આવ્યો હતો.

આમ, નિર્ભેળ પ્રેમ અને સમજદારીથી જલાલુદ્દીન ડૉ. કલામના જીવનને સુંદર ઘાટ આપી શક્યા, તેમના જીવનમાં પરિવર્તન લાવી શક્યા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in